# -: જમાઅતનું જમન :-

અલ્લાહતઆલા કુરઆને કરીમ ફુરકાને હકીમમાં ફરમાવે છે કે, **"ઇન્નમાનુત્એમોકુમ લેવજહિલ્લાહે લા નોરીદો મિન્કુમ જઝાઅવ વલા શકુરા."** હમે તો સિર્ફ અલ્લાહતઆલા વાસ્તે જ તમને જમન જમાડીએ છે અને હમે કોઈ જઝા યા એહસાન-બદલાનો ઈરાદો નથી રાખતા. અલ્લાહતઆલાએ એહલેબૈત (અ.સ.) વાસ્તે જન્નતમાંથી જમનનો માએદો-થાલ નાઝિલ કીધો. તમામ જમા અને બરકત હાસિલ થઈ અને આજે આ જ માએદાની બરકત મુમેનીન લઈ રહ્યા છે. અલ્લાહ તઆલાથી સવાબ હાસિલ કરવા જમન જમાડવું તમામથી ઉંચી નીય્યત છે. આઅલા ઈરાદો છે. હું તેને ત્યાં જમી આવો છું તેથી તેને મારા જમનનું ઈઝન કરૂં, કે ઘણાં વક્તથી કોઈને જમાડા નથી તેથી ચલો જમાડીએ, અપને બીજાને ત્યાં જમવા જાવાનું છે તેથી અપને પહેલે જમાડી લઈએ નહીં તો ખરાબ લાગશે, આ બધી નિય્યત ઉતરતી છે, અહવન છે, હલકી છે. એવા જમનમાં સવાબ કમ છે. મુમેનીનને શૌકથી જમાડવું અને અલ્લાહની તરહ-તરહની નેઅમતોના થાલ પૈશે ખિદમત મૂકવા, ફક્ત અલ્લાહની ખુશ્નુદી વાસ્તે, તે જ ઉંચી નીય્યત અને સવાબ પણ બે હિસાબ. ઈત્આમુત તઆમ યાઅની કે જમન જમાડવું રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ચાર સુન્નતોમાંથી એક છે, નેક છે. ***રસુલુલ્લાહે (સ.અ.વ.વ.) ફરમાવું છે કે, "ઇફશુસ સલામ વત્એમુત તઆમ વ સલ્લુ બિલ લૈલે વન્નાસો નિયામ ઉદખોલુહા બે સલામ." માઅના : સલામ બોલો તેને ઝાહિર કરો, જમન જમાડો, જે વક્ત લોકો સૂતેલા હોય તેવામાં શબ બૈદારી કરો અને જન્નતમાં સલામ સાથે દાખિલ થાવ.*** આ હદીસે નબવીનાં માઅનામાં, માઅરેફત, સઆદત અને અજરો સવાબના દરીયા સમાએલાં છે. જો કોઈ મુમીન પૂરા ખુલૂસ અને નેક નીય્યતથી આ અકવાલે ઝરીન પર અમલ કરે, તો તેની આખેરત અને દુનિયા બન્ને બેહતર અને આરાસ્તા થાય.

એહલેબૈત (અ.સ.) ની ખિદમતમાં જે વક્ત અલ્લાહની નેઅમતનાં થાલ મૂકાય, કે ફકીરો મિસ્કીન હાઝિર થઈ જાય અને આપ (અ.સ.) એ થાલને નઝરે મિસ્કીન કરી દે. એહલેબૈત (અ.સ.) ખુસુસન ખમ્સતુલ અત્હાર (અ.સ.) સખીયુલ અસ્ખીયા હતા. ઘરમાં હોય અને મિસ્કીનને દેવું સહલ છે, આસાન છે. ઘરમાં ફક્ત તમારે વાસ્તે હોય અને જે હોય તે ઘણી દુઆ, મહેનત, મશક્કત અને મિન્નતથી હાસિલ થયું હોય, તે ફકીરને બખ્શી દેવું તે અફઝલ અને બરતર સખાવત છે. **એહલેબૈત (અ.સ.) હકીકતમાં અજવદુલ જવ્વાદ હતા, સખાવત અને કરમ કરવો આપના ખૂનમાં હતું. આપના સર્વેની નઝરમાં જમનની ઘણી એહમીયત અને અઝમત હતી. આપ જમન જમતા પહેલા અને જમા બાદ અલ્લાહનો શુક્રે કામિલ અદા કરતાં.**

ઘણાં લોગો ઝમાનામાં મૌજુદ છે, કુંદ ઝહન, જાહિલ અને અહમક. જમન જમાડવાથી લોકોને રોકે છે. જમન જમાડવું બિદઅત સમઝે છે. એ લોકોની આ ખામ ખયાલી અને કમ અકલી છે. એ લોકો કુરઆનના ફરમાનને, સુન્નતે રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ની તાકીદને અને અઈમ્મતિત્તાહેરીન (અ.સ.) અને દોઆતુલ અકરમીન (આ.કુ.) ના વતીરા અને રસ્મો રિવાજને જાણતા નથી. જાણે છે તો ભૂલી જાવાનો અને નઝરઅંદાઝ કરી દેવાનો ઢોંગ કરે છે. જો અગર તેઓની નઝરમાં જમણ જમાડવું એક બિદઅત અને બેકારનો અમલ હોય તો શું તેઓ તે દિન ઘરમાં ભૂખા રહે છે ? બહાર જે જમન બનું છે તે પણ અલ્લાહની નેઅમત છે અને તેઓ જે ઘરમાં જમશે તે પણ અલ્લાહની જ નેઅમત છે. શું જમાઅતખાનામાં જમન જમવાથી તેઓના ઘરમાં તેઓનું જમણ બચી નથી જાતું ? ઝરૂર બચે છે. ઈન્સાન એક જ વક્તમાં એક જ જગા પર જમી શકે છે, પછી તે જમાઅતખાનામાં હોય યાકે ઘરમાં હોય !

બાઝ જાહિલ લોકો સલવાત, નિયાઝ, ફાતેહા અને મિન્નતો નઝરનાં જમનો જમતાં નથી ! કહે છે કે, આ તો મુરદારનાં સવાબ વાસ્તે છે ? એ હકીકત જાણીને કે તેઓ પણ કોઈ દિન મુરદાર થનાર છે. એવા જમનનાં મુન્કિરોએ પોતાના એહલો અકરોબાને વસીયત કરી જાવી જોઈએ કે, તેઓની મૌત બાદ તેના ફાતેહા વાસ્તે કોઈ જમન કરવાં નહીં, એમ નહીં કરી શકે ! હરગીઝ નહીં ! કુરઆને મજીદમાં "અલ બાકિયાતુસ સાલેહાત" ની માઅના જ એ થાય છે કે, ગુઝરનારની રૂહના સવાબ વાસ્તે જે નેક કામો બાકી હોય અને થયા ન હોય અને એની મિલ્કીય્યત અને દૌલતમાંથી કરી શકાય ઈમ હોય, જેમાં જમન, મસ્જીદની તાઅમીર, મદ્રસાના એહતેમામ, મુસાફિરખાનાની બિના, શિફાખાનાનો ઈંતેઝામ, બોરિંગ, સડક-રસ્તો, દરખ્ત, કિતાબખાનું વગૈરા શામિલ છે, તો ગુઝરનારના ઈસાલે સવાબ વાસ્તે તેની ઔલાદ તેની મિલકીય્યત-દૌલતમાંથી હસ્બે તાકત ખર્ચે. ગુઝરનારનાં વારિસોને લાઝિમ છે કે, તેની દૌલતમાંથી તીજીયા-ઝિયારત, ચાલીસમું, છમ્માસી અને વરસીનાં ફાતેહાના જમણો કરે અને એહલો અકરોબા તેમજ મુમેનીનને જમાડે. ચાલીસમાંના જમનમાં જ બકરી ઝબેહ કરીને નાન-રોટી સાથે ગોશ્ત મૂકવો મુસ્તહબ્બ છે.

સુન્નતે રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) માં વતીરા, વકીરા, અકીકા અને વલીમાનાં જમનો જમાડવાની હોંશ આવેલી છે. વતીરા યાઅની જમાઅતનાં રસ્મો રિવાજના તે જમન જેવા સાલગિરાહ, નિસ્બત, નિયાઝો-સલવાત, ઈફતેતાહ અને ફરઝંદોનાં જદીદ એહદ-મીસાક લેવડાવતી વક્તની ઝિયાફત શામિલ છે. વકીરાના જમનમાં ખસુસી તૌર પર હજ્જે બૈતુલ્લાહ, તેમજ ઝિયારતે કરબલા, નજફ, બૈતુલ મુકદ્દસ યાઅની કે, અંબિયા, અઈમ્મત અને દોઆત અલયહિમુસ્સલામની ઝિયારતથી ખુશી ખુર્રમીમાં સેહત આફીયતી અને અમ્નો સલામતીથી વતન તરફ રૂજુઅ થાતી વક્ત જે જમનો થાય તે છે. અકીકા સાથે ખતાનત મિલાવી દેવામાં આવે છે. આ જમન જમાડવામાં પણ સવાબે અઝીમ છે. વલીમો એટલે શાદીનું જમન, તે નિકાહ વક્તે હોય યા દુલ્હન દુલ્હાને ત્યાં વલાવતી વક્તે-રૂખ્સતી વક્તે હોય. આ તમામ જમનોમાં ગિન્તી અને જમનનાં મેઅયાર અને કૈફીયતની કોઈ એહમીયત નથી. તમામ જમન અલ્લાહની નેઅમત છે, પછી તે સાદુ જમન હોય, યા ફાખિર-ભારે હોય. **અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "તમે લોકો અમોએ જે પાક નેઅમતની રિઝક આપી છે તેમાં જમો." એક બીજી જગા પર ઇરશાદે રબ્બુલ ઇઝઝત થાય છે કે, "જમો અને પીઓ પણ ઇસરાફી ન કરો, અલ્લાહતઆલા ઇસરાફી કરનાર-હદથી ઝીયાદહ ખર્ચ કરનારને પસંદ નથી ફરમાવતો."**

જમન જમાડવું અને કોને જમાડવું એ સવાલ ન થવો જોઈએ. તમામ અલ્લાહના બંદાઓ છે. તવંગર હોય કે ગરીબ હોય. શું ગરીબને ભૂખ લાગે છે અને તવંગરને નથી લાગતી ? યા તવંગરને લાગે છે ગરીબને નથી લાગતી ? ભૂખ તમામને લાગે છે. કોઈ કહે હું તો ગરીબને જમાડું અને તવંગરને ન જમાડું, તવંગર પાસે તો જમણના બધા ઝરીઆ અને સામાન હોય છે, કોઈ કહે મેં તો મારા જમનનાં ઈઝન ફક્ત સમાજના ટોપ કલાસ ને જ આપેલા છે. આજે લીમીટેડ ખાસ લોકો વાસ્તે ઉમ્દા જમન છે. કાલના સાદા જમનમાં બીજા તમામને - બે શુમાર લોકોને ઈઝન પહોંચાડેલા છે. આ સોચમાં ખામી અને તંગાશ છે. ઈન્સાનની નીય્યતમાં જેટલો ઈખ્લાસ હોય છે તેવો જ સવાબ તેને મિલશે. મુમેનીનને સોચવું ઝરૂરી છે. તેથી જ દોઆતુલ મુત્લકીન અહમદાબાદમાં મસ્નદે દઅવત પર હતા તે વક્તથી સિફરા-સફરાની રસમ જારી કીધેલી છે અને આપ "જમાઅત" ને જમન જમાડતા અને જમાઅતનું ઈઝન ફેરવતા. "જમાઅત" ના લફઝમાં તમામ મોટા-નાનાં, અદના-આઅલા, ખાસ-આમ, તવંગર-ગરીબ આવી જાય છે, ઉંચ નીચ રહેતી નથી. ***રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "કસ્રતુલ અયદી બરકતુન" યાઅની કે જમનમાં ઝીયાદહ હાથ હોય તો તેમાં બરકત છે. "થાલ" યાની "સિફરો" યાની "ગોલ તબક" જે એહલે બૈત (અ.સ.) પર જન્નતમાંથી આવતા હતા તેમાં બરકત છે, વુસ્અત છે અને અન્સત છે.*** આજ શાકેલત-તરીકા પર દોઆતે કિરામે રસ્મ જારી કીધી છે. સૈયદી ખૌજ બિન મલક સાહબ કપડવંજી (આ.કુ.) અને સૈયદી હસનખાન બિન અલીખાન બિન તાજ (આ.કુ.) પોતાના મકબુલ રિસાલાઓમાં સૈયદના દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) અને સૈયદના દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) ની ખંભાત, ભરૂચ, કપડવંજ, ઉમરેઠ અને સિધ્ધપુર સફરની ઝીક્રમાં જમાઅતનાં જમન અને થાલની ઝિક્ર ઘણી બસતત અને તફસીલથી કરે છે. જેમાં તમામ હુદુદે દાઅવત સૈયદના સાહબ (ક.રૂ.) સાથે તશરીફ લાવતાં અને જમન તનાવુલ ફરમાવતા, અને મુમેનીનનાં હર તબકાને વાસ્તે અલ્લાહતઆલાની આઅલા નેઅમતો પૈશ કરતા અને અહમદાબાદમાં તો સૈયદના બુરહાનુદ્દીન દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) પોતાના ફરઝંદોની શાદીના પુર મસર્રત મૌકા પર ઝાતે હાઝિર રહીને મુમેનીનની જમનની ખિદમત પોતે અંજામ આપી હતી એ શાનના આપ મૌલા હતા.

હાલના ઝમાનમાં પણ આ ઈત્આમુત તઆમની સુન્નતની બરકત મુમેનીન હાસિલ કરે તે વાસ્તે સાહબે દાઅવતે દુઆતે મુત્લકીનના શબે ઉર્સના નિયાઝ-ફાતેહાના જમનની રઝા અંજુમને ખુદ્દામે ફખરીના અરાકીનને ઈનાયત કીધી છે. આ મૌકા પર મુમેનીન અકીદતમંદીથી હાઝિર થાય છે, મુકદ્દસ મૌલાની ઝિયારતથી મુશર્રફ થાય છે, તારીખે દાઅવતથી આશના થાય છે અને તમામ હાઝેરીન સાથે થાલમાં જમન તનાવુલ કરે છે. આ તરીકાથી જમવું આપસમાં મોહબ્બત અને ઈખ્લાસ વધારે છે. આ જ રસમને હમારા મુમેનીન મોહર્રમુલ હરામમાં ઝિંદા કરે છે. મુખ્તલિફ ઈલાકાઓના મુમેનીન નિયાઝે એહલે બૈત (અ.સ.) ના જમન કરે છે, સલવાતો સલામ પઢે છે અને સવાબે અઝીમના હક્કદાર થાય છે.

અલ્લાહતઆલા મુમેનીનની જમાઅતને જમનની નેઅમતે ઉઝમાની માઅરેફત કરાવે, તેમાં બરકત ઈનાયત કરે અને હર ખાસો આમને આ નેઅમત નસીબ કરે, કોઈ ઈમાનદારને તેના ફૈઝથી મોહતાજ કે મેહરૂમ ન રાખે અને હરએકને તે નેઅમત વાસ્તે અલ્લાહનો શુક્ર તેમજ હમ્દ કરવાની નેક તૌફીકાત અતા કરે. ★